# SHREE VASISHTHA VIDHYALAYA
## Gujarati 2nd Language Worksheet 2024-25

Name : - ____________________ Std.:- V - ________

Roll No. :- ________ Worksheet No.PA2-01 Date : - ____________

**પાઠ – કોણ હલાવે લીમડી, પાઠ – ૧૦ બાપુની શિખામણ, પાઠ –૧૧ ઉખાણાં**

**ગદ્યાંશ**

ઝાડ વિનાની જગતની કલ્પના કરીશું તો ઝાડ વિનાનું જગત જોવા જેવું નહીં લાગે, જીવવા જેવું નહીં લાગે, અરે, ઝાડ વિના જીવવું જ ભારે પડી જાય! વૃક્ષની ઉપયોગિતા નો વિચાર કરીશું તો જણાશે કે આપણને કેટલું બધું ઉપયોગી છે! ઉનાળામાં રસ્તા પર ચાલતાં તડકા થી પરસેવે રેબઝેબ થઈ ગયા હોઈએ અને વૃક્ષની ઘટા નીચે આવી પહોંચીએ ત્યારે આપણે કેવી હાશ અનુભવીએ છીએ! આપણા હૃદયમાંથી વૃક્ષ માટે મૂંગા આશીર્વાદ નીકળી પડે છે. વૃક્ષ પશુ પંખીઓનું આશ્રયસ્થાન છે. વૃક્ષની ડાળીઓમાં પક્ષીઓ પોતાનો માળો રચી સંસાર માંડે છે અને વિશ્રામ કરે છે. વૃક્ષની છાયા માં પશુઓ આરામ કરે છે. બાળકો વૃક્ષની છાયામાં અવનવી રમતો રમી આનંદ કરે છે. વૃક્ષનું લાકડું બળતણ તરીકે વપરાય છે. વૃક્ષના લાકડા માંથી ઘરનું રાચરચીલું બને છે. વૃક્ષો આપણને લાખ, ગુંદર, રબર ઉપરાંત અનેક ઔષધીઓ આપે છે. વૃક્ષો જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો હવાને શુદ્ધ કરે છે. સૂર્યપ્રકાશની હાજરીમાં વૃક્ષો ખોરાક બનાવવામાં કાર્બન ડાયોક્સાઇડ નો ઉપયોગ કરે છે. અને ઓક્સિજન બહાર કાઢે છે, જે આપણા જીવન માટે અનિવાર્ય છે. વૃક્ષો વરસાદ લાવવામાં પણ મદદ કરે છે. વૃક્ષો વિશ્વની શોભા છે. એના આપણા પર અનેક ઉપકારો છે.

**પ્રશ્ન - ૧. (અ) ઉપરના ગદ્યાશને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧) આપણા હૃદયમાંથી વૃક્ષ.માટે કેવા આશીર્વાદ નીકળી પડે છે?

આપણા હૃદયમાંથી વૃક્ષ માટે મૂંગા આશીર્વાદ નીકળી પડે છે.

૨) સૂર્યપ્રકાશની હાજરીમાં વૃક્ષો શું કરે છે?

સૂર્યપ્રકાશની હાજરીમાં વૃક્ષો ખોરાક બનાવવામાં કાર્બન ડાયોક્સાઇડ નો ઉપયોગ કરે છે. અને ઓક્સિજન બહાર કાઢે છે.

૩) ઝાડ વિનાના જગતની કલ્પના કરીશું તો શું થશે?

ઝાડ વિનાના જગતની કલ્પના કરીશું તો ઝાડ વિનાનું જગત જોવા જેવું નહીં લાગે, જીવવા જેવું નહીં લાગે.

**બ) ખાલી જગ્યા પૂરો.**

૧) વૃક્ષ--પશુ - પંખીઓ-નું આશ્રયસ્થાન છે.

૨) વૃક્ષો જમીનનું -----ધોવાણ-----અટકાવે છે.

૩) વૃક્ષો -----વરસાદ-------લાવવામાં પણ મદદ કરે છે.

**પ્રશ્ન - ૨. પાઠના આધારે નીચેની ખાલી જગ્યા પૂરો.**

૧) બેન -----લીમડાની-----ડાળીએ હીંચકા ખાય છે.

૨) કવિતામાં---પોપટ--------- ,-------કોયલ------- અને---મોરનો-- ઉલ્લેખ છે.

૩) બેનનો ---હીંચકો------નાનો છે.

૪) કવિતામાં પ્રેમ માટે ----હેત---------શબ્દ વપરાયો છે.

૫) ગાંધીજી ઉત્તર પ્રદેશના પ્રવાસમાં ---પૌત્ર કાંતિ---સાથે ગયા હતા.

૬) અલ્હાબાદમાં ---ત્રિવેણી---નદીઓનો સંગમ થાય છે.

૭) જે---સમય---ને માન આપે છે તેને જ---સફળતા--- મળે છે.

૮) આપણે---સમય--- અને ---પાણી---નો દુરુપયોગ ન કરવો જોઈએ.

**પ્ર-૩) નીચેના વાક્યો ખરા (✓)છે કે ખોટા (×) તે જણાવો.**

૧) વિદ્યાર્થીનીઓએ "કહ્યું બાપુ હવે અમે ખાદીના જ કપડા પહેરીશું. ( ✓ )

૨) ગાંધીજી ખાદીને ભારતનો આત્મા કહેતા. ( ✓ )

૩) ગાંધીજી પોતાની તબિયત સુધારવા અલ્હાબાદ ગયા હતા. ( × )

૪) બેનનો હીંચકો  મોટો છે. ( × )

૫) ધુમાડો પગ વગર ડુંગર ચડે છે. ( ✓ )

૬) કાવ્યમાં પોપટ ,કોયલ અને મેના નો ઉલ્લેખ છે. ( × )

૭) સ્વયંસેવકોએ કહ્યું અહીં ત્રિવેણી સંગમ છે. ( × )

૮) આપણે આપણી જરૂરિયાત જેટલું જ પાણી વાપરવું જોઈએ. ( ✓ )

**પ્રશ્ન - ૪. પાઠના આધારે નીચેના પ્રશ્નોના જવાબ  વાક્યમાં લખો.**

૧) ગાંધીજી ...,નહેરુજી સાથે કયા શહેરમાં હતા?

ગાંધીજી ..., નહેરુજી સાથે અલ્હાબાદમાં હતા.

૨) સુતરનું હાથથી વણેલું કાપડ ને શું કહેવાય છે?

સૂતરનું હાથથી વણેલું કાપડ ને ખાદી કહેવાય છે.

૩) કોના જીવનમાં સત્ય અને સમય રેલવેના પાટાની જેમ સાથે ચાલે છે?

મનુષ્યના જીવનમાં સત્ય અને સમય રેલવેના પાટાની જેમ સાથે ચાલે છે.

૪) પડછાયો ક્યારે અલોપ થઈ જાય છે?

પડછાયો રાતે અલોપ થઈ જાય છે.

૫) કયા પ્રાણીને પગ છે પણ તે પશુ નથી જીવડું છે?

મકોડાને પગ છે પણ તે જીવડું છે. પશુ નથી.

૬) ગાંધીજી હંમેશા ની જેમ કયા વર્ગમાં બેઠા હતા અને કયુ કાર્ય કરતા હતા?

ગાંધીજી હંમેશા ની જેમ ત્રીજાવર્ગમાં બેઠાં હતાં અને લેખનકાર્ય કરતા હતા.

૭) ખાદી કયા લોકોનું આજીવિકાનું સાધન છે?

ખાદી ગરીબ લોકોનું આજીવિકાનું સાધન છે.